**આણંદ કૃષિ યુનિવર્સિટી**
**આણંદ – ૩૮૮ ૧૧૦**

## <u>પરિપત્ર</u>

તાજેતરમાં પુલવામા, જમ્મુ-કાશ્મિર ખાતે સુરક્ષા દળો ઉપર આતંકી હુમલામાં શહીદ થયેલ સૈનિકોના કુટુંબીજનોને આર્થિક સહાય મળી રહે તેવા શુભ આશયથી આણંદ કૃષિ યુનિવર્સિટીના અધિકારીઓ / કર્મચારીઓ / મંડળોના હોદ્દેદારોની તા. ૨૬-૦૨-૨૦૧૯ના રોજ માન. કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ઉપસ્થિત સર્વે અધિકારીશ્રીઓ / કર્મચારીઓ / મંડળોના હોદ્દેદારોની સર્વસંમતિથી તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીઓના એક દિવસનો પગાર આપવાનું સર્વ સંમતિથી નક્કી કરવામાં આવેલ. સદર ફાળો ફેબ્રુઆરી પેઇડ ઇન માર્ચ-૨૦૧૯ના પગારમાંથી કાપવામાં આવશે. આણંદ કૃષિ યુનિવર્સિટીના અધિકારીઓ / કર્મચારીઓની આ ઉદ્દાત ભાવનાને માનનીય કુલપતિશ્રીએ બિરદાવેલ છે.

આ નિર્ણય અંગે જો કોઇને પણ અસંમતિ હોય તો હિસાબ નિયામકશ્રીને પત્ર લખી દિન-૨માં જાણ કરવાની રહેશે.

વધુમાં વિધાર્થીઓ પણ ફાળો આપી શકે તેવા શુભ આશયથી વિધાર્થીઓ પાસેથી સ્વૈચ્છિક ફાળો મેળવવા માટે નિયામકશ્રી, વિધાર્થી કલ્યાણ દ્વારા ઘટતી કાર્યવાહી કરવાની રહેશે.

ઈ/ચા કુલસચિવ

જા.નં. આકૃયુ/રજિ/સંકલન/ ૧૩૭૧/૨૦૧૯
તા. ૨૬ – ૦૨ -૨૦૧૯

**<u>નકલ સવિનય રવાના:</u>**
(૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
(૨) તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ.
(૩) તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ.
(૪) હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
(૫) યુનિવર્સિટીના તમામ મંડળોના પ્રમુખશ્રીઓ, શૈક્ષણિક મંડળ / વહીવટી મંડળ / તાંત્રિક મંડળ / ડ્રાયવર મંડળ / પટાવાળા મંડળ તરફ જાણ સારૂ.